અપીલ અરજી નં.૨૪૨ તા.૪–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ
સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલની તા.૦૬–૮–૧૦ ની અરજીથી નગર પ્રાથમિક શાળાઓની સંખ્યા ઝોન વાઈઝ માહિતી માધ્યમની માહિતી શિક્ષકો અને બાળકોની સંખ્ય ામકાન માલિકી અને ભાડાની વિગત, શિક્ષકોનો પગાર સાધન સામગ્રીનો ખર્ચ લાયબ્રેરીની વ્યવસ્થાવાળી સ્કુલો, મેદાનની વ્યવસ્થા અંગેની વિગતો, સફાઈની કામગીરી, પીવા લાયક પાણીની વ્યવસ્થા, ધો–૮ અંગેની માહિતી, ઈજારાદારોની અને વસ્તી ગણતરીની કામગીરીમાં શિક્ષકોની ફાળવણી અંગે માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૨/૨૦૧૦–૧૧

શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલની તા.૦૬–૮–૧૦ ની અરજીથી નગર પ્રાથમિક શાળાઓની સંખ્યા ઝોન વાઈઝ માહિતી માધ્યમની માહિતી શિક્ષકો અને બાળકોની સંખ્ય ામકાન માલિકી અને ભાડાની વિગત, શિક્ષકોનો પગાર સાધન સામગ્રીનો ખર્ચ લાયબ્રેરીની વ્યવસ્થાવાળી સ્કુલો, મેદાનની વ્યવસ્થા અંગેની વિગતો, સફાઈની કામગીરી, પીવા લાયક પાણીની વ્યવસ્થા, ધો–૮ અંગેની માહિતી, ઈજારાદારોની અને વસ્તી ગણતરીની કામગીરીમાં શિક્ષકોની ફાળવણી અંગે માંગેલ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૯૪૩તા.૧૯–૧૧–૧૦થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી(ન.પ્રા.શિ.સ.), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને તથા અરજદારને તેમની અપીલ અરજી વિલંબિત હોઈ તથા તા.૨૦–૯–૧૦ના રોજ પ્રથમ અપીલ કર્યાનું જણાવેલ છે પરંતુ તે અત્રેના સત્તા મંડળમાં કઈ કચેરીએ મોકલાવેલ તેની વિગતો–આધાર સહ રજુ કરવા તથા તેની અનુપસ્થિતિમાં વિલંબીત અપીલ અંગે કલમ ૧૯(૧) હેઠળ વાજબીપણું પણ રજુ કરાવી વિગતો તેમજ સાથે મુળ અરજી તથા અપીલ કયા જાહેર માહિતી અધિકારી– સત્તામંડળને રજુ કરેલ તેની વિગત સહ મુળ અરજીની નકલ અને ફી ભર્યાની વિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૪૬ તા.૨૯–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં આઈ ડી નં.૩૨૪ શ્રી રાહુલ રાષ્ટ્રપાલની આરટીઆઈ હેઠળની માહિતી જણાવતી વિગતો અત્રે મળેલ છે તેમજ પૂરક વિગતોમાં અરજદારને ન.પ્રા.શિ.સ. ના પત્ર નં.૪૫ તા.૨૯–૧૧–૧૦ થી મોકલી આપવામાં આવેલ છે તેવું જણાવતા પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની મુળ અરજીની નકલ કે અરજદારને પૂરી પાડેલ માહિતી અંગેની કોઈ નકલ અત્રે મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી તા.૩–૧૧–૧૦ ની અપીલ સ્મૃતિપત્ર મળેલ જેમાં અરજદારે તા.૨૦–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે તેવું જણાવેલ. જે બાબતે અઠવાઝોન પાસે વિગતો માંગવામાં આવેલ. જેમાં અઠવાઝોને અરજદારની તા.૨૦–૯–૧૦ ની અપીલ અરજીની નકલ મોકલેલ છે પરંતુ મુળ અપીલ તથા માહિતી માંગતી અરજીની નકલ મોકલેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. આમ અરજદારની અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કે અરજદાર તરફથી અત્રેથી માહિતી માંગતી તા.૬–૮–૧૦ ની મુળ અરજીની નકલ કે મુળ અપીલ કોઈ પણ પક્ષકાર તરફથી રજૂ થયેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીએ અત્રે રજૂ કરેલ આઈ ડી નં.૩૨૪ શ્રી રાહુલ રાષ્ટ્રપાલની આરટીઆઈ અંગેની માહિતીમાં જણાવેલ મુદ્દાઓને તા.૬–૮–૧૦ ની મુળ અરજીની માહિતી માનીને અપીલનો નિકાલ કરવામાં આવે છે

અરજદારની અપીલમાં જણાવેલી વિગતોના આધારે તથા જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોના આધારે અરજદારે તા.૬–૮–૧૦ ની અરજીથી નગર પ્રાથમિક શાળા સમિતિની ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિગતોએ માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે અરજદારની અપીલમાંની રજૂઆત અનુસાર તા.૯–૮–૧૦ થી શાસનાધિકારીને મોકલવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય મર્યાદામાં માહિતી નહીં મળ્યાનું જણાવી તા.૨૦–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં માહિતી વિલંબ અંગે કાનૂની કાર્યવાહી કરવાની પણ રજૂઆત કરેલ છે. અરજદારે તા.૨૦–૯–૧૦ ના રોજ મ્યુ. કમિ. શ્રીને સંબોધીને અપીલ અરજી કરેલ. ત્યાર બાદ અરજદારે તા.૩–૧૧–૧૦ ના રોજ સ્મૃતિપત્ર સાથે તા.૨૦–૯–૧૦ ની અપીલ અરજી અઠવાઝોન ખાતે આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ મુળ અપીલ અત્રે તબદીલ થયેલ નથી માત્ર તેની નકલ ૪–૧૧–૧૦ ની અત્રે તબદીલ થયેલ સાથે સ્મૃતિપત્રની નકલ અત્રેના વિભાગને તા.૪–૧૧–૧૦ ના રોજ મળેલ છે. જે અંગે અત્રેથી અપીલની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી તરફથી ન.પ્રા.શિ.સ. ના પત્ર ક્રમાંક ૪૫ તા. ૨૯–૧૧–૧૦ થી અરજદારને કચેરીની કામગીરીમાં આંતરિક ફેરફાર થવાથી માહિતી આપવામાં વિલંબ થયો છે તેવી સ્પષ્ટતા સહિત માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧ સુરત મ્યુ. કોર્પો. હસ્તક કુલ કેટલી નગર પ્રાથમિક શાળાઓ આવેલી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૭–૦૯ થી અમલમાં આવતી પ્રાથમિક શાળાઓની યાદીઓનું પત્રક રજૂ કરેલ છે. મુદ્દા નં.૨ તમામ નગર પ્રાથમિક શાળાઓ સુરત ઝોન પ્રમાણે કયા કયા ઝોનમાં કેટલી પ્રાથમિક શાળાઓ કયા ધોરણ સુધીની કયા માધ્યમવાળી શાળાઓ છે તેવા પ્રશ્ન બાબતેતેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે રજૂ કરેલ પત્રકમાં ઝોન વાઈઝ માહિતી જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.૩ નગર પ્રાથમિક શાળાઓમાં જે તે ઝોનમાં કુલ કેટલા શિક્ષકો તથા બાળકોની સંખ્યા છે તેની માહિતી માંગવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ અત્રે રજૂ કરેલ પત્રકમાં ઝોન વાઈઝ આપેલ વિગતોમાં

પેનથી લખેલ શિક્ષકો તથા બાળકોના આંકાડાકીય માહિતી શાળા વાઈઝ આપવામાં આવેલ છે. મુદ્દા નં.૪ નગર પ્રાથમિક શાળાઓ સુરત મ્યુ. કોર્પો. નાં માલિક સિવાય કઈ સ્કુલો હજુ ભાડાના મકાનમાં બેસાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કુલ ૨૮૧ શાળાઓ પૈકી ૨(બે) શાળાના ભાડાના મકાનમાં બેસાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ આ શાળાઓના સંચાલનમાં કુલ કેટલા કરોડ રૂપિયા શિક્ષકોના પગાર પેટે ચૂકવવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એક માસનો ખર્ચ રૂ.૮,૦૧,૯૧,૯૧૦/– છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ (અ) પગારના કુલ ખર્ચ સિવાય શાળાના વહીવટી તેમજ સાધન સામગી માટે કુલ કેટલો ખર્ચ બજેટમાં મુકવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રૂા.૭,૯૧,૫૫,૦૦૦/– તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ નગર પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલી લાઈબ્રેરીની વ્યવસ્થાવાળી સ્કુલો છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દરેક શાળાઓને ઈતરવાંચન પુસ્તકો કચેરી ધ્વારા આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ નગર પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલી સ્કુલોમાં પોતાના મેદાન નથી તે વિગતો પણ જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નગર પ્રાથમિક શાળાઓમાં કુલ ૧૫૨ મકાન પૈકી ૫૦ મકાનોમાં મેદાન નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ પ્રાથમિક શાળાના મકાનો બે કે ત્રણ માળના બાંધકામવાળા સારી એવી લંબાઈ ધરાવતા છે જેની કાયમી સફાઈ કામગીરી સારુ ઝોન વાઈઝ કેટલા સફાઈ કામદારો પાસેથી આ શાળાઓની સફાઈ કામગીરી લેવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શાળા મકાનોની સફાઈ શાળા તેડાગર મારફત કરાવવામાં આવે છે જે શાળામાં તેડાગર નથી તે શાળાને ન.પ્રા. શાળાની શિક્ષણ સમિતિ તરફથી શાળા સફાઈ કન્ટીજન્સીના નાણા આપી આ કામગીરી કરાવવામાં આવે છે. મુદ્દા નં.૯ કેન્દ્ર/ રાજય સરકારે તાજેતરમાં ધો.૮ ને પણ પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરેલ હોય સુરત મ્યુ. કોર્પો. એ ધો.૮ ની માન્યતા સામેલ કેટલી સ્કુલો કયા કયા માધ્યમોવાળા ચાલુ કરવા વિચારણા કરેલ છે તે જણાવવા વિનંતી છે. કયા ઝોનમાં કેટલા ધોરણ આઠ ચાલુ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં આ યોજના ન.પ્રા.શિ.સ. સુરત અમલમાં આવેલ નથી. મુદ્દા નં.૧૦ તમામ શાળાના બાળકોને સ્વચ્છ પીવાલાયક પાણીની વ્યવસ્થા તેની સાફ સફાઈ શું દરેક સ્કુલમાં કરવામાં આવે છે? જો તેવી વ્યવસ્થા કરવામાં આવેલ હોય તો કયા કયા ઈજારાદારને કુલ કેટલી રકમના ખર્ચ પેટે કોન્ટ્રાકટરને આ કામ સોંપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રાથમિક શાળાઓમાં પાણી ટાંકી સફાઈ કામગીરીનો કોન્ટ્રાકટ શ્રી પ્રેરણા સેનેટરી માર્ટ સહકારી મંડળી રામપુરા ગાર્ડન ફેકટરી પાસે સુરતને સોપેલ છે. તે ઈજારાદારને માસિક અંદાજે રૂા.૨૩,૦૦૦/– ચૂકવવાના થાય છે. જો સફાઈ કોન્ટ્રાકટ ધ્વારા પાણીની ટાંકીની સફાઈ ન થઈ હોય તેવી શાળાઓને ખાનગી ધોરણે સફાઈ કરાવી તે અંગેનું બીલ ન.પ્રા.શિ.સ. ની કચેરીએ રજૂ કર્યેથી ચૂકવવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૧ શહેરની લગભગ ૨૭૦ થી વધુ શાળાઓમાં આ કામ કેવી રીતે ઈજારાદાર પાસે કરાવવામાં આવે છે તેનું ધોરણ શું નકકી કરેલ છે? તેમજ આવી કામગીરીનું સુપરવીઝન કઈ કક્ષાએ કરવામાં આવે છે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શહેરની તમામ પ્રાથમિક શાળાઓના મકાનોમાં મહિનામાં બે વાર પાણીની ટાંકી સફાઈ કરવાનો કોન્ટ્રાકટ આપેલ છે આવી કામગીરીનું સુપરવીઝન શાળાના આચાર્યશ્રીની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૨ હાલમાં વસ્તી ગણતરીના હેતુસર જે કામગીરી રાજયમાં જે આપણા શહેરમાં ચાલે છે તેમાં નગર પ્રાથમિક શાળાના શિક્ષકોને કેવી રીતે ફાળવણી કરવામાં આવેલ છે જેથી બાળકોનો અભ્યાસ ન બગડે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વસ્તી ગણતરી અંગેની કામગીરી સુમનપાના વસ્તી અને સેન્સસ વિભાગ ધ્વારા કરાવવામાં આવે છે અને ન.પ્રા.શિ.સ. કચેરીએથી શાળા પ્રમાણે શિક્ષકોની યાદી ઉપરોકત કચેરીને મોકલવામાં આવે છે અને સેન્સસ કચેરી અને વસ્તી ગણતરી વિભાગ ધ્વારા શાળાના શિક્ષકોની સંખ્યા ધ્યાને લઈ નિમણુંક ઓર્ડર કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૬–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાનૂની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ,